# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૩ ૨૭ ઓક્ટોબર, ૨૦૧૪, સોમવાર ; કારતક સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







રજતજયંતિ મહોત્સવ - ગાંધીનગરની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતના પ્રસરાવતી સંસ્થા 'જયઅંબે પરિવાર'ના રજતજયંતિ મહોત્સવ રવિવારે ઉલ્લાસભર્યા વાતાવરણમાં આરંભાયો... વહેલી સવારે રંગબેરંગી પાત્રોમાં સજ્જ બાળકોના ટેબ્લોઝ સાથે ૧૫૦થી વધુ વાહનોવાળી બે કિલોમીટર લાંબી શોભાયાત્રાએ નગરને રજતજયંતિ મહોત્સવના આરંભની અનુભૂતિ કરાવી હતી. બપોરે માતાજીના પ્રાગટની કથા સાથે વણાયેલો આનંદનો ગરબો ઉમંગની છોળો વચ્ચે ગવાયો હતો... સેંકડો મહિલાઓના સમુહગાનથી શબ્દે-શબ્દે માતાજીના આશીર્વાદ અનુભવાતા હતા... જયઅંબે....

## શાળા-આરોગ્ય ચકાસણી ૧ ૨ નવેમ્બરથી આરંભાશે

### ૭ મી જાન્યુઆરી સુધી ચાલનારા અભિયાનમાં જિલ્લાના ૩ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી થશે

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગનો અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમ શાળા-આરોગ્ય ચકાસણી તેના નિયત સમય કરતાં બે દિવસ વહેલો શરૂ કરવામાં આવશે.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમની સાથે સાથે ગામમાં આરોગ્ય સપ્તાહની પણ ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૪ મી નવેમ્બરને બદલે ૧ ૨ મી નવેમ્બરથી આ કાર્યક્રમ શરૂ થશે અને ૭ મી જાન્યુઆરી-૨૦૧૫ સુધી તે ચાલશે.

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ દરમ્યાન ગ્રામસફાઈ તેમજ આરોગ્ય વિષયક સભાના વિશેષ કાર્યક્રમો પણ આરોગ્ય સપ્તાહની ઉજવણીનો હિસ્સો બનશે. બીજા દિવસે આરોગ્ય કાર્યકર દ્વારા બાળકની પ્રાથમિક ચકાસણી કરવામાં આવશે જ્યારે ચોથા દિવસે તબીબ દ્વારા બાળકની ઝીણવટભરી આરોગ્ય વિષયક તપાસ થશે.

દસ વર્ષથી પણ વધુ સમયથી આરોગ્ય વિભાગ દ્વારા આ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહેલ છે. આ કાર્યક્રમ દરમ્યાન ગંભીર બિમારીથી પીડાતા બાળકો જે મળશે તેની સંપૂર્ણ સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.

જે બાળક સંદર્ભ સેવા માટે મોકલવામાં આવશે તેના વાલી સાથે તબીબી અધિકારી સીધી વાત કરશે. સપ્તાહને અંતે ગામમાં આરોગ્ય વિષયક જનજાગૃતિ અંગે ખાસ સભા પણ યોજવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિવાળી પર્વોમાં આગના ત્રણ બનાવો

### સે-૨૨ આયુર્વેદીક હોસ્પિટલ અને બોરીજ વન વિભાગની ઝાડીઓમાં ફૂટેલા ફટાકડાના તણખલાથી આગ ભભુકી : સે-૨૬માં ગાડી સળગી ગઈ



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે-૨૨ તથા બોરીજ ગામમાં ઝાડીઓમાં ફટાકડાની આગ લાગી ઉઠવાના બનાવો દિવાળી અને બેસતા વર્ષના દિવસ દરમિયાન બનવા પામ્યા હતાં. તે ઉપરાંત સે-૨૬ કિસાનનગરમાં ગાડી સળગી ગયાનો કિસ્સો પણ બનવા પામ્યો હતો. આગના ત્રણ વિવિધ બનાવો અંગે કોલ મળતા ગાંધીનગર ફાર બ્રિગેડની ટીમ સ્થળ પર સમયસર પહોંચી કોઈ જાનહાનિ થાય તે પહેલા જ આગને કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે કોઈ જાનહાનિ આ ત્રણેય આગના બનાવોમાં નોંધાવા પામી નથી.

મળતી માહિતી પ્રમાણે દિવાળી અને નવા વર્ષનાં દિવસે બે દિવસ દરમિયાન ગાંધીનગર શહેરમાં બે સ્થળોએ અને બોરીજ માં મળીને ત્રણ સ્થળોએ આગ લાગવાના બનાવો બન્યા હતાં. જેમાં સે-૨૨ આયુર્વેદીક હોસ્પિટલમાં પડેલા દવાઓના

● અનુસંધાન પાન-૭ પર




